
# સમ્યક્ત્વજયંતી-વિશેષાંક



વહ ધન્ય હૈ, સુકૃતાર્થ હૈ, પંડિત તથા વહ વીર હૈ ।
ના સ્વપ્નમેં ભી સિદ્ધિકર સમ્યક્ત્વ હો મલિનિત જિસે ॥

# આગમ—મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ત્રાજવાના બંને પલ્લાં શું કહે છે? તેઓ પોતાની કૃતિથી કહે છે કે—"જેમને ગ્રહણ કરવાની ઈચ્છા છે તેઓ ક્રમે કરી અધોગતિને પામે છે તથા જેઓને ગ્રહણ કરવાની ઈચ્છા નથી તેઓ ઊર્ધ્વગતિને પામે છે." ૮૧૧.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૪)*

❀ જિસ પ્રકાર નીમકે વૃક્ષમેં ઉત્પન્ન હુઆ કીડા ઉસકે કડુવે રસકો પીતા હુઆ ઉસે મીઠા જાનતા હૈ, ઉસી પ્રકાર સંસારરૂપી વિષ્ટામેં ઉત્પન્ન હુએ યે મનુષ્યરૂપી કીડે સ્ત્રી-સંભોગસે ઉત્પન્ન હુએ ખેદકો હી સુખ માનતે હુએ ઉસકી પ્રશંસા કરતે હૈં ઔર ઉસીમેં પ્રીતિ કો પ્રાપ્ત હોતે હૈં. ૮૧૨.

*(શ્રી જિનસેનાચાર્ય, આદિપુરાણ, ભાગ-૧, ગાથા-૧૭૯-૧૮૦)*

❀ શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનરૂપ ગિરિ ઉપર ચઢેલા સાધકને જો પરકાર્યની અલ્પ પણ ચિંતા ઉદ્ભવે છે તો તે ચિંતા ધ્યાન-પર્વતને ચૂર્ણ કરી દેવા મહાન વજ્ર સમાન બળવાન થઈ પડે છે. અર્થાત્ અલ્પ પણ સાંસારિક કાર્યની ચિંતા શુદ્ધ આત્મધ્યાનમાંથી ચલાયમાન કરી દે છે. ૮૧૩.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૩, ગાથા-૬)*

❀ આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયમયી જનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની નામની ઔષધી છે, દુઃખની મહાન આગને બુઝાવવા માટે જળધારા છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે, માટે તે જયવંત રહો. ૮૧૪.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૭૮)*

❀ જેનું આભ્યંતર (ઉપાદાન) મૂળ હેતુ છે એવા ગુણ-દોષની ઉત્પત્તિમાં જે બાહ્યવસ્તુ નિમિત્ત છે તે અધ્યાત્મવૃત અર્થાત્ મોક્ષમાર્ગીની દૃષ્ટિમાં ગૌણ છે. કારણ કે હે ભગવાન! આપના શાસનમાં આભ્યંતર (અંતરંગ ઉપાદાન) હેતુ જ પર્યાપ્ત છે. ૮૧૫. *(શ્રી સમંતભદ્રાચાર્ય, સ્વયંભૂસ્તોત્ર, શ્લોક-૫૯)*

❀ મિથ્યાદૃષ્ટિ કોઈ કાળમાં કોઈ પદાર્થને સત્ય જાણે તોપણ તેના નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણતો ન હોવાથી અથવા સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન જ સાધે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. ૮૧૬. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૪, પાનું-૮૯)*

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૯
[૭૨૫]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
March
A.D. 2004

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**શ્રોતા :—** *જીવને રાગના પરિણામનો પરિચય છે અને જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે. તો આ સ્થિતિમાં આગળ કઈ રીતે વધવું તે અંગે માર્ગદર્શન આપવા કૃપા કરશોજી.*

**પૂજ્ય બહેનશ્રી :—** રાગનો પરિચય અનાદિથી છે ને જ્ઞાનનો પરિચય નથી, તો જ્ઞાનસ્વરૂપ આત્માનો પરિચય વધારે કરવો. જ્ઞાન આછું આછું ખ્યાલમાં આવે છે કારણ કે તેની દૃષ્ટિ બહાર છે; પણ જે જણાય છે તે જ્ઞાન જ છે. માટે જ્ઞાનને વિભાવથી છૂટું જાણીને એકલા જ્ઞાનને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો વારંવાર અભ્યાસ કરવો, તેનો પરિચય વધારે કરવાથી,–તેની સમીપ જઈને ઓળખવાથી–તે પ્રગટ થાય છે. ભલે જ્ઞાન આછું દેખાય, પણ તે ચૈતન્યનું લક્ષણ છે, માટે લક્ષણથી લક્ષને ઓળખ. પર તરફ તેની દૃષ્ટિ જાય છે તેથી જાણે જ્ઞેયથી જ્ઞાન હોય તેવી ભ્રમણા થઈ ગઈ છે. તે ભ્રમણાને મૂકીને જે એકલું જ્ઞાન છે તે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો. જ્ઞાન ભલે આછું જણાય, પણ તે જ્ઞાન જ છે એવી રીતે જ્ઞાનને ગ્રહણ કરવાનો વારંવાર પ્રયત્ન કરવો, તેનો પરિચય કરવો, તેનો અભ્યાસ કરવો. રાગનો પરિચય છે તેને છોડીને જ્ઞાનનો પરિચય કરવો, જ્ઞાતાનો પરિચય કરવો અને વારંવાર તેનો અભ્યાસ કરવો તે તેનો ઉપાય છે.

**શ્રોતા :—** *પર્યાય ઉપરથી દ્રવ્યનો ખ્યાલ કેવી રીતે કરવો?*

**પૂજ્ય બહેનશ્રી :—** દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ કરવાની છે, પણ પર્યાય વચ્ચે આવે છે. પર્યાયનો આશ્રય નથી આવતો, પણ પર્યાય સાથે આવે છે. દ્રવ્યનો વિષય પર્યાય

કરે છે. દૃષ્ટિની દિશા પલટાય છે ત્યારે વિષય દ્રવ્ય બને છે. પર્યાય વચ્ચે આવે છે.

**શ્રોતા :—** *અમને તો જ્ઞાનની પર્યાય જણાય છે, તો શું કરવું ?*

**પૂજ્ય બહેનશ્રી :—** જ્ઞાનની પર્યાય ભલે જણાય, પણ જ્ઞાનસ્વભાવ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, પર્યાય ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો, પણ જ્ઞાયક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. જે અંશ દેખાય છે તે અંશ ગ્રહણ કરવાનો પ્રયત્ન ન કરવો. જે આ ક્ષણે ક્ષણે દેખાય તે હું એમ પ્રયત્ન ન કરવો. પરંતુ જાણનારની શક્તિ ધરાવનારો કોણ છે ? તે દ્રવ્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. આ જાણ્યું, આ જાણ્યું, એમ પર્યાયને ગ્રહણ કરવાનો પ્રયત્ન નહિ કરતાં, અખંડ જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. તેના લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય છે. પર્યાય ગ્રાહકરૂપે વચ્ચે આવે છે.

**શ્રોતા :—** *અમારે સ્વભાવ પ્રાપ્ત કરવો છે ને તે થતો નથી એટલે મૂંઝવણ થાય છે.*

**પૂજ્ય બહેનશ્રી :—** અંતરમાં જ્ઞાયકદેવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માર્થીને સંતોષ થતો નથી, પણ શાંતિ રાખીને પ્રયત્ન કરવો. જ્ઞાયકદેવને ગ્રહણ કરવા માટે અંતરમાંથી તેનો અભ્યાસ વારંવાર કરવો, મૂંઝાઈ ન જવું. એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન શાંતિ રાખીને કરવો. પ્રયત્ન તો પોતાને જ વારંવાર કરવાનો છે. પોતાની ભૂલે પોતે વિભાવમાં દોડ્યો જાય છે, પોતે પુરુષાર્થ કરે તો પોતા તરફ આવે છે. માટે વારંવાર ઊંડા ઊતરીને સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ચૈતન્યનો વારંવાર અભ્યાસ કરે તો સહજ થઈ જાય અને જ્ઞાયક પ્રગટ થયા વગર રહે નહિ. સમજપૂર્વક વારંવાર કરે તેને પછી સહજ થઈ જાય છે. શરૂઆતની ભૂમિકા દુષ્કર છે.

**શ્રોતા :—** *સ્વભાવ જલદી પ્રાપ્ત થાય તેનો કોઈ ઉપાય ખરો ?*

**પૂજ્ય બહેનશ્રી :—** પ્રાપ્ત કરવાનો ઉપાય એક ભેદજ્ઞાન જ છે. ચૈતન્ય જ્ઞાયક જુદો અને વિભાવ જુદો એમ સ્વભાવ–વિભાવ બંનેને જુદા પાડવા. યથાર્થ રુચિ, મહિમા, લગની, તત્ત્વવિચાર કરીને પોતે સ્વભાવ ગ્રહણ કરવાની પરીક્ષક શક્તિ અંદરથી એવી પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે ને આ વિભાવ છે. અંદર લગની લાગે તો તે થયા વગર રહેતું નથી. દેવ-શાસ્ત્ર અને ગુરુદેવ શું કહે છે તેનો આશય ગ્રહણ કરવા માટે પોતે અંદર તૈયારી કરે, ચૈતન્યનો સ્વભાવ ગ્રહણ કરવાની તીક્ષ્ણ તૈયારી કરે તો થયા વગર રહે નહિ. ઉપાય તો આ એક જ છે કે જ્ઞાયકતત્ત્વ જુદું અને વિભાવ જુદો એવું ભેદજ્ઞાન કરવું. હું અખંડ જ્ઞાયક છું–એમ દૃષ્ટિ થતાં ગુણભેદ–પર્યાયભેદનું જ્ઞાન તેમાં સમાઈ જાય છે. યથાર્થ દૃષ્ટિ થાય તેની સાથે જ્ઞાનમાં

બધું સમાઈ જાય છે. તેણે પાત્રતા તૈયાર કરવાની રહે છે. જેને આત્માર્થતાનું પ્રયોજન છે તેને બધાં લૌકિક પ્રયોજન ગૌણ થઈ જાય– છૂટી જાય છે અને એક આત્માનું પ્રયોજન રહે છે.

**શ્રોતા :—** *આ જીવ બધું સાંભળવા છતાં આગળ કેમ જતો નથી?*

**પૂજ્ય બહેનશ્રી :—** ગુરુદેવને ઊંડાણથી શું કહેવું છે? ગુરુદેવ શું કહી રહ્યા છે? તે આશય ગ્રહણ કરીને પછી પ્રયત્ન કર્યો નથી. પહેલાં તો આશય ગ્રહણ કર્યો નથી, તેથી આશય ગ્રહણ કરીને પોતાનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે ઊપડતો નથી. ગુરુદેવે માર્ગ બતાવ્યો કે આ માર્ગ છે તે બુદ્ધિમાં ગ્રહણ થયો, પણ અંતરમાં તેનો આશય ઉતારીને આગળ જવું જોઈએ તે જતો નથી. અને એમ ને એમ અજ્ઞાનમાં ઊભો રહે છે. તે જાતની રુચિ છે, પણ આગળ જતો નથી. અનંતકાળમાં ક્યારેક સત્ સાંભળવા તો મળ્યું છે પણ પોતે ગ્રહણ કર્યું નથી, અને ગ્રહણ કરે તો પુરુષાર્થ કરતો નથી. તેને બુદ્ધિમાં એમ તો નક્કી થાય છે કે ગુરુદેવે આ માર્ગ કહ્યો છે. વિકલ્પથી આત્મા જુદો છે, આત્મા શાશ્વત છે ને તે વિભાવથી જુદો છે. ગુણભેદ-પર્યાયભેદ વાસ્તવિક આત્મામાં નથી, આત્મા સ્વરૂપે અખંડ છે. આત્માને અને આ બધા ગુણ-પર્યાયને લક્ષણભેદ છે. એમ બુદ્ધિમાં તો તે બધું ગ્રહણ કરે છે, પણ અંતરમાં પરિણતિ કરવી જોઈએ તે કરતો નથી. એટલે કે બુદ્ધિથી નિર્ણય કરે છે, પણ આગળ જતો નથી, એટલામાં તેને સંતોષ થઈ જાય છે. પછી કરશું....કરશું એવી જાતનો પ્રમાદભાવ રહે છે એટલે આગળ જતો નથી.

**શ્રોતા :—** *વચનામૃત બોલ ૪૭માં એક દૃષ્ટાંત આવ્યું છે કે લાળથી બંધાયેલો કરોળિયો જો છૂટવા માંગે તો છૂટી શકે છે, ઘરમાં રહેલો માણસ અનેક કાર્યોની ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે તોપણ માણસ તરીકે છૂટો છે એમ ત્રિકાળી દ્રવ્ય બંધાયું નથી. તો આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાન્ત શું સમજવો? આ દૃષ્ટાંત જ સરખું સમજાતું નથી.*

**પૂજ્ય બહેનશ્રી :—** દૃષ્ટાંત છે તે બધી રીતે લાગુ પડે નહિ, તેનો આશય ગ્રહણ કરવો જોઈએ. જેમ માણસ ઉપાધિઓમાં ફસાયેલો દેખાય છે છતાં માણસ તરીકે છૂટો છે. માણસ બહારથી બંધાયેલો લાગે, પણ ખરેખર કાંઈ બંધાયેલો નથી. તે સ્થૂલ દૃષ્ટાંત છે. એવી રીતે ચૈતન્યદ્રવ્ય વાસ્તવિક રીતે પરદ્રવ્ય સાથે બંધાયેલું નથી, ચૈતન્યદ્રવ્ય દ્રવ્ય તરીકે છૂટું જ છે. ચૈતન્યદ્રવ્ય આ પુદ્‌ગલ સાથે બંધનમાં આવ્યું નથી, પુદ્‌ગલ તો જડ છે અને પોતે ચૈતન્ય છે. ચૈતન્ય ચૈતન્યરૂપે છૂટું છે, પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે છૂટું છે. બંને છૂટાં દ્રવ્ય છે, તો પણ ભ્રમણાબુદ્ધિમાં માની લીધું છે કે હું બંધાઈ ગયો

છું. હું શરીરરૂપે અને વિકલ્પરૂપે થઈ ગયો એમ પોતે માની લીધું છે. વાસ્તવિક રીતે ચેતનદ્રવ્ય પરદ્રવ્યરૂપે થયું નથી; છૂટું છે. છૂટાને તું છૂટો જાણી લે. આ તો કલ્પના થઈ ગઈ છે કે હું આમાં બંધાઈ ગયો છું, હું શરીરરૂપે–વિકલ્પરૂપે થઈ ગયો છું તેવી તારી માન્યતાની ભ્રમણા છોડી દે તો તું છૂટો જ છે, તે છૂટાને ગ્રહણ કરી લે. છૂટો બંધનમાં આવી ગયો હોય તો બંધન કેમ તોડવું એમ થાય, પણ તું વાસ્તવિક રીતે બંધાયેલો જ નથી, માટે તું છૂટો જ છે. આ આશય આમાંથી ગ્રહણ કરવો.

તારી વિભાવ પરિણતિ થાય છે તે વિભાવ તરફ દૃષ્ટિ નહિ દેતાં, તું છૂટો છે તેને ગ્રહણ કર. પર્યાયમાં જે વિભાવ પરિણતિ થાય છે તે પર્યાયને ગૌણ કરીને દ્રવ્ય તરીકે હું છૂટો જ છું એમ જો. કરોળિયો કરોળિયા તરીકે છૂટો જ છે, તેમ દ્રવ્ય તરીકે તું છૂટો જ છે માટે દ્રવ્યને ગ્રહણ કરી લે. પર્યાયમાં વિભાવ પરિણતિ થાય છે પણ તેનાથી દ્રવ્ય ન્યારું છે. એટલી તેમાં સાબિતી કરવી છે. તું મુક્ત જ છો, બંધાયો નથી. તેથી મુક્તને ગ્રહણ કરી લે. તેં અનાદિકાળથી ગમે તેટલા ભવ કર્યા, તને ગમે તેટલા વિભાવો થયા, પણ તું દ્રવ્ય તરીકે છૂટો—શુદ્ધાત્મા જ છે. માટે તું તેને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિથી તેના તરફ જો, તો તું છૂટો જ છો.

ગુરુદેવ કહે છે ને ! કે થાંભલાને પોતે બાથ ભીડી અને પછી કહે કે હવે મને છોડ. પણ તેં જ તેને ગ્રહણ કર્યો છે માટે તું તેને છોડી દે. તેવી રીતે પોતે ભ્રમણાથી વિભાવ પરિણતિ કરી રહ્યો છે તેને છોડ, તો તું છૂટો જ છો. તારી એકત્વબુદ્ધિને તું છોડી દે, તો તું છૂટો જ છો.

તે દૃષ્ટિ ફેરવી શકતો નથી. એમાં બહારથી કાંઈ કરવાનું નથી, બીજી કોઈ જાતની મહેનત કરવાની નથી, છતાં પણ આ સ્થૂલતામાંથી અંદર સૂક્ષ્મ ઉપયોગ કરીને દૃષ્ટિ ફેરવતાં તેને ઘણી મુશ્કેલી પડી જાય છે. સ્થૂલબુદ્ધિથી આ વિકલ્પ–શરીરાદિ બધું તેને ગ્રહણ થાય છે, પણ તેમાંથી સૂક્ષ્મદૃષ્ટિ કરીને દિશા ફેરવતાં તેને મુશ્કેલી પડી જાય છે. તે બહારનું બધું સ્થૂલ સ્થૂલ કરવા જાય છે અર્થાત્ ઉપવાસ કરવા હોય તો કરી દે, બહારથી મહેનત કરવાની હોય તે પણ કરી દે. જ્યારે આમાં બીજું કાંઈ કરવાનું નથી, માત્ર દૃષ્ટિ ફેરવીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. છતાં સૂક્ષ્મ ઉપયોગ કરીને–સૂક્ષ્મ પરિણતિ કરીને–અંદર જવું તેને મુશ્કેલ પડે છે. અનંતકાળ ચાલ્યો ગયો પણ દિશા ફેરવતો નથી.

શ્રોતા :—એક દૃષ્ટિ ફેરવવામાં અનંત અનંત ભવ પરાવર્તન થઈ ગયા ?

પૂજ્ય બહેનશ્રી :—અનંત પરાવર્તન કર્યાં તો પણ દૃષ્ટિ ફેરવતાં ન આવડી.

શુભભાવની રુચિમાં ક્યાંક ને ક્યાંક અટવાઈ જાય છે. શુભથી લાભ થાય એમ ઊંડી ઊંડી રુચિના રસને લઈને કોઈ ક્રિયાના વિકલ્પના રસમાં રોકાઈ જાય છે. પ્રવૃત્તિ વગર કેમ રહેવાય? એમ ક્યાંક ને ક્યાંક રુચિમાં અટકી જાય છે, પણ અંતરમાં દૃષ્ટિ ફેરવતો નથી.

**શ્રોતા :—** *આપે ફરમાવેલ છે કે પૂ. ગુરુદેવનાં વચનામૃતોનો અંદરમાં પ્રયોગ કરવો, તો પ્રયોગનો અર્થ શું? તે કેવી રીતે થાય?*

**પૂજ્ય બહેનશ્રી :—** ગુરુદેવે જે વચનો કહ્યાં, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો–તેનો તું અંદરમાં પ્રયોગ કરી અંદર ઉતાર. ગુરુદેવ જે ઉપદેશ આપી માર્ગ બતાવે છે, ગુરુદેવે જે આજ્ઞા કરી છે,–તેનો તું અંદર પ્રયોગ કરીને તું તારા પુરુષાર્થમાં ઉતારી દે, તો તને પરિણતિ પ્રગટ થશે. ગુરુદેવ જે કહે છે તે માત્ર સાંભળી લેવું એમ નહિ, પણ અંતરમાં પ્રયોગ કર. ગુરુદેવે એમ કહ્યું છે કે તું છૂટો શુદ્ધાત્મા છો, શુભાશુભ ભાવથી ન્યારો અંદર ચૈતન્ય છે.–એમ જે બતાવ્યું છે તે પ્રમાણે પ્રયોગ કર, પુરુષાર્થ કર. તેને તું તારી પરિણતિમાં ઉતાર.

શ્રોતા :—આ શ્રદ્ધાનો પ્રયોગ કહેવાય કે ચારિત્રનો?

પૂજ્ય બહેનશ્રી :—આ શ્રદ્ધાનો પ્રયોગ છે, હજી તેણે વિકલ્પથી શ્રદ્ધા કરી છે. અંતરમાં યથાર્થ શ્રદ્ધા થઈ એમ ક્યારે કહેવાય? કે જ્યારે ન્યારી પરિણતિ થાય ત્યારે યથાર્થ શ્રદ્ધા થઈ એમ કહેવાય અને તો શ્રદ્ધાનો પ્રયોગ કર્યો એમ કહેવાય. જે યથાર્થ પ્રતીતિ હોય તેની સાથે સ્વરૂપાચરણ ચારિત્ર પણ હોય છે, પરંતુ તે ચારિત્રમાં ગણાતું નથી. વિશેષ લીનતા થાય તેને ચારિત્ર કહેવાય છે. માટે આ શ્રદ્ધાનો જ પ્રયોગ છે. અંદર યથાર્થ પરિણતિ પ્રગટ કરવી તે શ્રદ્ધાનો પ્રયોગ છે. શ્રદ્ધા એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવી યથાર્થ પ્રતીતિની પરિણતિ,–જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ પ્રગટ થાય તે શ્રદ્ધાની (પ્રતીતિની) પરિણતિ છે. તે પ્રતીતિ સાથે અમુક જાતની લીનતા આવે છે પણ તેને ચારિત્રની કોટીમાં ગણવામાં આવતી નથી.

**શ્રોતા :—** *જ્ઞાનીને ઉદયભાવ જુદો દેખાય?*

**પૂજ્ય બહેનશ્રી :—** જ્ઞાનીને જુદો જ દેખાય છે, જુદું જ વેદન છે. આ ક્રોધ જુદો અને જ્ઞાન જુદું એમ જ્ઞાયકની ધારા અને ઉદયધારા બંને જુદી વેદનમાં આવે છે. ઉદયધારામાં પોતે અલ્પ જોડાય છે, પણ વેદનમાં બંનેની જુદી ધારા જ્ઞાનમાં જણાય છે. અંશે જ્ઞાયકધારા–અંશે શાંતિધારા અને ઉદયધારા બંને વેદનમાં છે. હું ચૈતન્ય અખંડ શાશ્વત છું, આ ક્રોધ મારો સ્વભાવ નથી એ રીતે ચૈતન્યને દ્રવ્યદૃષ્ટિથી જુદો પાડ્યો

છે તો દૃષ્ટિ ચૈતન્ય ઉપર છે અને પર્યાયમાં અંશે શાંતિની ધારા અને ઉદયધારા—બેય ધારા જુદી વર્તે છે. સહજ જુદો વર્તે છે. તેને કાંઈ યાદ કરવું પડતું નથી.

**શ્રોતા :—** *રુચિ પોતે કરી છતાં પરિણતિ પલટાતી કેમ નથી ?*

**પૂજ્ય બહેનશ્રી :—** રુચિની મંદતા પોતાની છે. ઉગ્ર રુચિ થાય તો પરિણતિ પલટાયા વગર રહે જ નહિ. એવી રુચિ થાય છે કે બહારમાં ક્યાંય તેને ચેન પડે નહિ. એવી રુચિ અંદર ઉગ્ર થાય તો પોતે પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી.

**શ્રોતા :—** *ઉગ્ર રુચિના પુરુષાર્થનું સ્વરૂપ સમજાવવા કૃપા કરશો.*

**પૂજ્ય બહેનશ્રી :—** જીવ અનાદિનો અભ્યાસ છે ત્યાં દોડ્યો જાય છે, એટલે વિભાવ સહજ થઈ ગયો છે અને અહીં અંદરમાં દિશા પલટવી છે તે છૂટી જાય છે, કેમકે એટલી રુચિની મંદતા છે, પુરુષાર્થની મંદતા છે. અંદર એટલી લગની લાગી હોય કે બસ, હવે આ ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય....વગરની પરિણતિ મારે જોઈતી જ નથી. ચૈતન્યનું અસ્તિત્વ જ મારે જોઈએ છે, આ વિભાવરૂપ અસ્તિત્વ મારે નથી જોઈતું. એટલી અંદરથી લગની, મહિમા, રુચિ થાય, ઉગ્રતા થાય તો પુરુષાર્થ ટકે છે. નહિ તો પુરુષાર્થ વારેવારે છૂટી જાય છે ને માત્ર વિકલ્પથી રહે પણ અંદરથી ખરેખરું લાગે તો પુરુષાર્થ ટકે, અને તો તેના નિર્ણયનું કાર્ય આવે —પ્રતીતિરૂપે કાર્ય આવે. તેના નિર્ણયમાં એમ આવે કે—આ જ્ઞાયક હું છું ને આ વિભાવ મારાથી જુદો છે, પણ જુદું જુદારૂપે કાર્ય કરે તો પ્રતીતિએ કાર્ય કર્યું કહેવાય. વિભાવનું જુદારૂપે કાર્ય નથી આવતું ત્યાં સુધી યથાર્થ પ્રતીતિ નથી અને નિર્ણય એમ ને એમ બુદ્ધિપૂર્વક રહી જાય છે.

**શ્રોતા :—** *અનુભવ પહેલાં શું આવવું જોઈએ ?*

**પૂજ્ય બહેનશ્રી :—** ભેદજ્ઞાનની ધારાનું કાર્ય આવવું જોઈએ. નિર્વિકલ્પદશાનું જે કારણ છે તે કારણ તેને યથાર્થ થવું જોઈએ. ત્યાર પહેલાં તે અભ્યાસ કર્યા કરે અને છૂટી જાય તો પાછો અભ્યાસ કરે.

**શ્રોતા :—** *મારી ઉંમર પૂરી થવા આવી છે, તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરી સમજાવશો.*

**પૂજ્ય બહેનશ્રી :—** બધાને એક જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે આબાળગોપાળ બધાને એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે, હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું

છે. જ્ઞાયક જુદો છે અને શરીર જુદું છે. વિભાવભાવ પોતાનો નથી; તેનાથી પોતે જુદો છે. આત્મા શાશ્વત છે, ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી—એમ આત્માને ઓળખવો કે આત્મા જ્ઞાયક છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. બધાંને આ એક જ કરવાનું છે. હું જ્ઞાયકદેવ ભગવાન આત્મા છું, મારા આત્મામાં બધું—સર્વસ્વ છે. હું અદ્‌ભુત, અનુપમ, આનંદથી ને જ્ઞાનથી ભરેલો છું, અનંત પ્રભુતાથી ભરેલો હું ચૈતન્ય છું. એક અદ્‌ભુત તત્ત્વ હું છું. શરીરની ગમે તે અવસ્થાઓ થાય, તે હું નથી. હું તેનાથી જુદો અદ્‌ભુત શાશ્વત ચૈતન્ય છું.—આ રીતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.

**શ્રોતા :—** *આપને તો નાળિયેરના ગોળાની જેમ ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો છે અને અમને તો એકત્વબુદ્ધિ થઈ રહી છે તેનું શું કરવું?*

**પૂજ્ય બહેનશ્રી :—** છૂટા પડવાનો પ્રયત્ન કરવો. બધાંને એક જ કરવાનું છે—ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારાની રુચિ હોય તો ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારો જે આત્મા છે તેમાં જ્ઞાન આનંદ છે. પર સાથે એકતાબુદ્ધિ હોય તો ન્યારા થવાની રુચિ કરવી, ન્યારા થવાનો પ્રયત્ન કરવો. આ એક જ કરવાનું છે. પોતે જ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે ને ન્યારો પણ પોતે જ થઈ શકે છે. જન્મ-મરણ કરનારો પોતે જ છે, ને મોક્ષ જનારો પણ પોતે જ છે. પોતે સ્વતંત્ર છે. અનાદિના બહારના અભ્યાસમાં પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે, જો ચૈતન્યનો ગાઢ અભ્યાસ કરે તો છૂટા પડ્યા વગર રહેતો નથી.

પરનું કર્તૃત્વ સહજ થઈ ગયું છે અને પોતે આત્મા હોવા છતાં પોતાનું કાર્ય કરવું દુષ્કર થઈ ગયું છે, તે બીજું કોણ કરે ? પોતે સહજ કરવાનો પ્રયત્ન કરે તો થાય.

**શ્રોતા :—** *રુચિ કરવામાં કોઈ મદદ ન કરી શકે ?*

**પૂજ્ય બહેનશ્રી :—** રુચિ તો પોતાને જ કરવાની રહે છે. રુચિ કરવી પોતાના હાથની વાત છે. રુચિ કોઈ કરાવી દેતું નથી. ગુરુદેવ માર્ગ બતાવે કે ચૈતન્ય આ છે, સુખ આત્મામાં છે, બહાર નથી. ગુરુદેવ **કહે** છે કે અમે તને બતાવીએ છીએ કે આત્મા અનુપમ છે. તેની રુચિ તું કર. આ **દુઃખ છે,** આ સુખ છે. જો તારે સુખ જોઈતું હોય તો આત્માની રુચિ કર અને તારે **પરિભ્રમણ** કરવું હોય ને રુચિ ન કરવી હોય તો તે પણ તારા હાથની વાત છે. તારે જો આત્મામાંથી સુખ પ્રગટ કરવું હોય તો તેની રુચિ કર. સમજણપૂર્વક તે માર્ગે રુચિ કરીને જા, તો તને માર્ગ સુગમ—સરળ થશે. રુચિ સાથે સમજણ ભેગી આવે છે. સમજણપૂર્વક રુચિ કર.

**શ્રોતા :—** *જો સ્વભાવની મહિમા આવે તો અનુભવ થાય. પણ અમ જેવા અજ્ઞાનીએ સ્વભાવ તો જોયો નથી, માટે આત્માનું માહાત્મ્ય કેવી રીતે આવે તે વિસ્તારથી સમજાવશોજી.*

**પૂજ્ય બહેનશ્રી :—** સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં–આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે?– એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?– એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.–આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ–ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઇચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય–સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.

**શ્રોતા :—** *જ્ઞાનીની મુદ્રાનું નિદિધ્યાસન કરવાથી જ્ઞાની ઓળખી શકાય છે?*

**પૂજ્ય બહેનશ્રી :—** સત્‌પુરુષની મુદ્રા દ્વારા તેનો આત્મા શું કરી રહ્યો છે તે ઓળખી શકાય છે, પણ પોતાની પાત્રતાની એટલી તૈયારી હોવી જોઈએ ને? મને અંતરમાં સત્‌ સ્વરૂપ કેમ પ્રગટે? તેવી સત્‌ની જિજ્ઞાસા જેને જાગે છે તે, જેને સત્‌ પ્રગટ થયું છે તેવા સત્પુરુષને વાણી દ્વારા, મુદ્રા દ્વારા ઓળખી શકે છે, પરંતુ તેને

પોતાને જ્ઞાનીને ઓળખવાની તૈયારી હોવી જોઈએ. સત્ તરફની રુચિ હોય તો જ્ઞાની શું કરે છે તે પણ મુદ્રા દ્વારા ઓળખી શકે છે.

**શ્રોતા :—** *આત્મસાધના શેનાથી બની શકે ? દૃષ્ટિથી કે જ્ઞાનથી ?*

**પૂજ્ય બહેનશ્રી :—** દૃષ્ટિ મુખ્ય છે તેની સાથે વિચાર પણ હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન–બેય સાથે જ હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. શરૂઆતમાં જે વિચારો આવે તે માર્ગને નિર્મળ (ચોખ્ખો) કરે છે. વસ્તુ શું છે ? દ્રવ્ય શું છે ? ગુણ શું છે ? વિભાવ શું છે ? સ્વભાવ શું છે ? વગેરે બધું વિચાર દ્વારા નક્કી થાય છે ને દૃષ્ટિ એક ચૈતન્યતત્ત્વનું આલંબન કરે છે. સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ જ્ઞાન સાથે હોય છે, બંને સાથે છે. શરૂઆતમાં બધો નિર્ણય વિચાર દ્વારા જ થાય છે, પછી તેની દૃષ્ટિ સમ્યક્ થાય છે.

વ્યવહાર અપેક્ષાએ પહેલાં જ્ઞાન આવે પછી દૃષ્ટિ આવે. છતાં યથાર્થ વસ્તુસ્થિતિએ દૃષ્ટિ મુખ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ નિર્ણય કરવામાં વિચાર સાથે હોય છે. માટે બંને અપેક્ષાઓ સમજવી.

**શ્રોતા :—** *દૃષ્ટિ ને જ્ઞાન બંને સાથે સાથે છે તો અનુભવ વખતે કઈ રીતે સાથે હોય છે ?*

**પૂજ્ય બહેનશ્રી :—** દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે હોય છે. અનુભવના કાળે જ્ઞાનમાં જે રાગમિશ્રિત વિચારો ચાલતા હોય તે છૂટી જાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અભેદ ઉપર છે, ને રાગમિશ્રિત વિચારો જ્ઞાનમાંથી છૂટી જતાં જ્ઞાન પણ પોતે આત્મા સાથે એકાકારરૂપે થઈ જાય છે. આ રીતે બંને સાથે હોય છે.

**શ્રોતા :—** *સ્વભાવનું ગ્રહણ થતું નથી એટલે દુઃખ થાય છે—આકુળતા થાય છે. તો શું કરવું ?*

**પૂજ્ય બહેનશ્રી :—** દુઃખ થાય તે ભાવનારૂપે હોવું જોઈએ, આકુળતારૂપે નહિ. ક્યાંય ગમે નહિ, શુભાશુભમાં ક્યાંય ચેન પડે નહિ, તો અંદર પોતાને ગ્રહણ કરે. પણ ગભરામણ થઈ જાય એમ નહિ. ભાવના એમ હોય કે ક્યાંય ચેન નથી પડતું, સ્વભાવને ગ્રહણ કરી લઉં. દુઃખની પાછળ એમ આવવું જોઈએ કે સ્વભાવ ગ્રહણ કરું.....સ્વભાવ ગ્રહણ કરું. દુઃખ દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને. દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ જાય તો કારણ બને. પ્રયત્ન કરવો, આકુળતા થવા ન દેવી. જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા છે તેની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું ને

તેમાં લીનતા કરવી. ખરું આ કરવાનું છે.

**શ્રોતા :—** *ગજસુકુમાર મુનિરાજકે સિર પર સગડી જલ રહી થી ઉસ સમય મુનિરાજકા ઉપયોગ આત્મામેં થા ?*

**પૂજ્ય બહેનશ્રી :—** મુનિરાજકા ઉપયોગ ભગવાન આત્મામેં થા. સગડી જલ રહી થી મગર સગડી સગડીમેં રહ ગઈ ઔર ઉપયોગ સ્વાનુભૂતિમેં ઐસા ચલા ગયા કિ શ્રેણી ચઢકર કેવલજ્ઞાન હો ગયા. ઉપયોગ ચૈતન્યલોકમેં ચલા ગયા તો શરીરમેં ક્યા હોતા હૈ ઉસકા ધ્યાન ભી નહીં રહતા; શરીર ઔર શરીરકી વેદના પર ધ્યાન નહીં રહતા. જો ઉપયોગ બાહર આવે તો મસ્તક પર સગડી હૈ ઐસા જ્ઞાન હો. પર ગજસુકુમાર મુનિરાજ તો ભીતરમેં ગયા સો ગયા, શ્રેણી માંડ દી, બાહર આયા હી નહીં. સગડી સગડીમેં રહ ગઈ ઔર ચૈતન્ય ચૈતન્યલોકમેં ચલા ગયા, કેવલજ્ઞાન હો ગયા, સબ લોકાલોકકા પ્રકાશક હો ગયા, ચૈતન્યકે અનંતગુણ- પર્યાયકા વેદન હો ગયા, ચૈતન્યકી સ્વાનુભૂતિકા પૂર્ણ વેદન હો ગયા.

**શ્રોતા :—** *ઈષ્ટોપદેશમેં આતા હૈ કિ જ્ઞાની દેખતે હુએ ભી નહીં દેખતા, ચલતે હુએ ભી નહીં ચલતા. તો ક્યા વિકલ્પમેં આને પર ભી ઐસા રહતા હૈ ?*

**પૂજ્ય બહેનશ્રી :—** જ્ઞાનીકા ઉપયોગ બાહર આવે તો ભી વહ દેખતે હુએ નહીં દેખતા ! જ્ઞાનીકી દૃષ્ટિ ચૈતન્ય પર રહતી હૈ, બાહર ઉપયોગ હોવે તો ભી દૃષ્ટિ તો ચૈતન્ય પર રહતી હૈ. ક્ષણે ક્ષણે જ્ઞાયકકી ધારા ચલતી હૈ—જ્ઞાનીકી દૃષ્ટિ પલટ ગઈ હૈ–એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ. મૈં જ્ઞાયક હૂં......જ્ઞાયક હૂં.....જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી ધારા રહતી હૈ. ઇસ લિયે વહ ચલતે હુએ ભી નહીં ચલતા, દેખતે હુએ ભી નહીં દેખતા. જ્ઞાનીકી દૃષ્ટિ જ્ઞાયક ઉપર હૈ, તો ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ કિ યે પગ ચલતા હૈ, મૈં નહીં ચલતા. મૈં જ્ઞાયક હૂં ઐસા વિકલ્પ નહીં, પર સહજ જ્ઞાયકકી ધારા ચલતી હૈ. આંખ તો જડ હૈ, આંખસે મૈં નહીં દેખતા, મૈં તો જ્ઞાયક હૂં. શરીરસે ચલનેવાલા મૈં નહીં. મૈં તો જ્ઞાયક હૂં. ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકી ચલતી હૈ. બાહ્ય દૃષ્ટિ નહીં હૈ, દૃષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ, એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ, કર્તાબુદ્ધિ તૂટ ગઈ હૈ. ઔર સ્વભાવકો જાનને–દેખનેવાલા મૈં હૂં, ઐસી સહજદશા હો ગઈ હૈ.

**શ્રોતા :—** *ત્રિકાળી ધ્રુવ અને પર્યાય વચ્ચે પ્રદેશભિન્નતા કઈ રીતે છે ? ભાવભિન્નતા તો સમજાય છે, પણ પ્રદેશભિન્નતા કઈ રીતે છે ?*

**પૂજ્ય બહેનશ્રી :—** દ્રવ્યદૃષ્ટિના બળે એમ કહેવાય કે પર્યાયના પ્રદેશ ભિન્ન છે. દ્રવ્યમાંથી પર્યાય આવે છે, પણ દ્રવ્યદૃષ્ટિમાં એકલું દ્રવ્ય ગ્રહણ થાય છે અને

પર્યાય ગૌણ થાય છે. એટલે દ્રવ્યદૃષ્ટિના બળમાં પ્રદેશભેદ છે એમ કહેવાય. પર્યાય જેવો ક્ષણ પૂરતો મારો સ્વભાવ નથી, હું શાશ્વત આત્મા છું. એવી દ્રવ્યદૃષ્ટિની અંદર એકલું દ્રવ્ય જ દેખવામાં આવે છે. એકલા દ્રવ્યનું જ જોર રહે છે. માટે પર્યાયનો ભાવ ભિન્ન છે ને તેથી તેનાં ક્ષેત્ર પણ ભિન્ન છે એમ દ્રવ્યદૃષ્ટિ કહી દે છે. દ્રવ્યદૃષ્ટિમાં પર્યાયનો ભાવ ભિન્ન છે અને પ્રદેશ પણ ભિન્ન છે.

પણ જ્ઞાનમાં એમ જણાય છે કે જે આ દ્રવ્ય છે તેમાંથી આ પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય ક્ષણ પૂરતી છે અને હું ત્રિકાળ છું. આમ દ્રવ્યને અને પર્યાયને—બંનેને જાણનારું જ્ઞાન અપેક્ષાથી સમજે છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં પર્યાય ગૌણ થાય છે. તેથી ભાવભિન્નતા ભાસે ત્યારે સાથે ક્ષેત્રભિન્નતા છે, એમ દૃષ્ટિના જોરમાં આવે છે. આ પર્યાય ક્ષણ પૂરતી છે એટલા પૂરતો હું નથી, હું તો ત્રિકાળ શાશ્વત છું. હું તો અનાદિ-અનંત છું. આ રીતે દૃષ્ટિ તો એકલા ધ્રુવ અસ્તિત્વ ઉપર જ છે, (પરિણમન કે કોઈ ભેદ ઉપર હોતી નથી.) માટે બધું જુદું કરી નાખે છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં અને તેના બળમાં આમ આવે છે, પણ જ્ઞાન તો સાથે ઊભું છે. તે બંનેનો વિવેક કરે છે.

પર્યાય જો અધ્ધર લટકતી હોય તો આત્માને વેદન કેમ થાય છે? આત્મામાં શુદ્ધ પર્યાય—અનુભૂતિનું વેદન થાય છે. માટે પર્યાય અધ્ધર નથી લટકતી. આત્માના સ્વભાવમાં પરિણમન થાય છે. અનુભૂતિમાં અનંતગુણ-પર્યાય પરિણમે તેનું વેદન આત્માને થાય છે. જો પર્યાયનું ક્ષેત્ર એકદમ ભિન્ન હોય તો આત્માને વેદન કેમ થાય? જ્ઞાન બંનેનો વિવેક કરે છે, પણ દ્રવ્યદૃષ્ટિ એટલી બળવાન છે કે તેની મુખ્યતાનું જોર ભાવથી, ક્ષેત્રથી—બધી પ્રકારે જુદું પાડી દે છે. સાધકદશામાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે અને તેમાં એમ આવે છે કે હું તો શાશ્વત આત્મા છું, બીજું કાંઈ નથી.

**શ્રોતા :—** *આત્મ-અનુભવ નહિ થવામાં દૃષ્ટિનો દોષ છે કે જ્ઞાનનો દોષ છે?*

**પૂજ્ય બહેનશ્રી :—** આત્માનો અનુભવ નથી થતો તેમાં દૃષ્ટિ અને જ્ઞાન—બંનેનો દોષ છે. દૃષ્ટિનો મુખ્ય દોષ છે. દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય. દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય છે. દૃષ્ટિ અને જ્ઞાન બંનેમાં વિપરીતતા છે, પણ દૃષ્ટિ મુખ્ય છે. દૃષ્ટિ ફરે તો જ્ઞાન ફરી જ જાય છે.

પહેલી ભૂમિકામાં સાચું જ્ઞાન, સાચા વિચાર આદિ બધું આવે છે; પણ મોક્ષમાર્ગમાં પહેલી મુખ્ય દૃષ્ટિ છે. દૃષ્ટિની સાથે જ્ઞાન હોય છે. દૃષ્ટિ સમ્યક્ થાય ત્યાં જ્ઞાન સમ્યક્ થઈ જાય છે. ગુરુદેવે એટલું સ્પષ્ટ કર્યું છે કે કાંઈ ભૂલ ન થાય. જે કોઈ અટકે તે પોતાની ભૂલથી અટકે છે.

# આત્મજ્ઞાનશૂન્ય તપ-શ્રુત અકાર્યકારી છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. આજથી ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મુનિરાજ યોગીન્દુદેવે આ શાસ્ત્રની રચના કરી છે, તેમાં સર્વજ્ઞની વાણીમાં આવેલો અનાદિનો જે બોધ હતો તે ભર્યો છે.

૭૫મી ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે આત્મજ્ઞાનથી બહિર્મુખ બાહ્યપદાર્થોના જ્ઞાનથી કાંઈ પ્રયોજન સધાતું નથી.

जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण ।
दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण ॥७५॥

અર્થ :—જે આત્મજ્ઞાનથી બાહ્ય શાસ્ત્ર વગેરેનું જ્ઞાન છે તે જ્ઞાનથી કાંઈ કાર્ય થતું નથી કેમ કે વીતરાગસ્વસંવેદન રહિત તપ શીઘ્ર જ જીવને દુઃખનું કારણ થાય છે.

આત્મા અકષાય શાંત...શાંત...શાંત રસનો પિંડ છે. માટે એ શાંતિ સાથે પ્રગટેલા જ્ઞાનને જ આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. એ વિનાના બાહ્યજ્ઞાનથી—લૌકિક બુદ્ધિથી આત્માનું કાંઈ હિત થતું નથી. વકીલાત-ડોકટરી આદિનું જ્ઞાન તો દુઃખરૂપ જ છે પણ એકલા શાસ્ત્રના જ્ઞાનથી પણ આત્માનું કલ્યાણ થતું નથી. વકીલાત આદિના જ્ઞાનમાં અશુભભાવ હોવાથી વધારે દુઃખરૂપ છે અને શાસ્ત્રજ્ઞાનમાં શુભભાવ હોવાથી ઓછું દુઃખરૂપ છે પણ સુખરૂપ તો એ પણ નથી, મિથ્યાત્વની અપેક્ષાએ તો બંને સમાન છે.

આત્મજ્ઞાનમાં તો મિથ્યાત્વનો અભાવ છે તેથી નિઃસંદેહ પ્રતીતિ છે અને અનંતાનુબંધી કષાયનો અભાવ છે એટલી શાંતિનું વેદન છે. આવા આત્માના જ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનનું કાંઈ પ્રયોજન નથી. અરે ! મુનિ થઈને તપ ગ્રહણ કર્યું હોય તે પણ આત્મજ્ઞાન વિના કાંઈ કાર્યકારી નથી.

બે વાત લીધી છે. એક તો, 'શાસ્ત્રજ્ઞાન' અને બીજું 'મુનિપણું'. આ બંને આત્મજ્ઞાન વિના જીવને દુઃખના કારણ થાય છે. બાહ્ય ચીજો કાંઈ સુખરૂપ નથી અને દુઃખરૂપ પણ નથી પણ તેના પ્રત્યે જીવે કરેલો વિકારભાવ દુઃખરૂપ છે, શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન જ નથી.

સમવસરણસ્તુતિમાં આવે છે કે 'શીતળ શીલા શશિકાંતની, જ્યાં ઇન્દ્ર વિશ્રાંતિ લહે.' ઇન્દ્રો ભગવાન પાસે જાય છે ત્યારે આ શીલા ઉપર વિશ્રાંતિ લેવા બેસે છે પણ તેમાં કાંઈ આત્માની શાંતિ મળતી નથી અને શાસ્ત્ર સંબંધી વિકલ્પ ઉઠે તેમાં પણ અશાંતિ છે.

જંગલમાં વસનારા દિગંબર સંત એમ કહે છે કે ભગવાન આમ ફરમાવતાં હતાં અને વસ્તુસ્થિતિ પણ એમ જ છે કે અંતરમાં આત્માની શાંતિને સ્પર્શીને આવેલાં જ્ઞાન સિવાય બીજું કાંઈ કાર્યકારી નથી. શાસ્ત્રનું ભણતર પણ દુઃખરૂપ છે અને વિકલ્પમાત્ર પણ દુઃખરૂપ છે. ચૈતન્યની નિર્વિકલ્પ શાંતિને સ્પર્શીને થયેલું જ્ઞાન જ પ્રયોજનભૂત છે, તે જ આત્માને શાંતિ અને મુક્તિનું કારણ છે, તે સિવાય એકલું શાસ્ત્રજ્ઞાન તો અભિમાનમાં જીવને મારી નાંખે છે.

શ્રોતા :—પૈસા તો શાંતિ આપે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા શાંતિ ન આપે. પૈસા તરફનો મમત્વભાવ આકુળતા અને દુઃખ આપનારો છે. દાન પંચમહાવ્રતાદિનો વિકલ્પ પણ દુઃખરૂપ છે તો પૈસાનો વિકલ્પ તો સુખરૂપ કેમ હોય ! મંદકષાય પણ દુઃખ આપનારો છે તો તીવ્ર કષાય સુખ ક્યાંથી આપે !

સત્ શાશ્વત આનંદકંદની વાત એણે કદી સાંભળી નથી. ધર્મના બહાને ઢસરડાં કર્યાં પણ ધર્મનું ખરું સ્વરૂપ કદી સમજ્યો નથી. અકષાય શાંતરસ પાસે શાસ્ત્ર ભણતરનો વિકલ્પ પણ દુઃખરૂપ છે. વિકલ્પ એ બોજો છે ભાઈ ! અંતર તરફ ઢળ્યા વિનાના તપ આદિ બધાં વિકલ્પો તને દુઃખના કારણ છે. બીજી ભાષાથી કહીએ તો નિશ્ચય વિનાનો વ્યવહાર તો દુઃખ જ છે પણ નિશ્ચય સહિતનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ દુઃખ જ છે.

અરે ! એની મોટપ એને કેમ બેસે ! જ્યાં ત્યાં ભીખારી થઈને ભીખ માંગ્યા કરે છે કે કોઈ મને મોટો કહે ! કાંઈક જાણપણાથી, બ્રહ્મચારીપણાથી કે ત્યાગીપણાથી કોઈ મને મોટો કહે ! એ બધાં ભીખના ભાવ છે.

પૈસાવાળાં તો સુખી ખરાં ને ? ના. કોણ કહે છે કે પૈસાવાળા સુખી છે ? લોકો તો ગાંડા છે તો ગાંડપણાની વાતો જ કરે ને ! ભગવાન પૈસાવાળાને સુખી કહેતાં નથી.

બીજી જગ્યાએ જેને નિશ્ચયનું કારણ કહ્યું છે એવા વ્યવહારને અહીં દુઃખરૂપ

કહે છે. મુનિરાજ કહે છે કે તેનાથી કાંઈ આત્માનું કાર્ય થાય તેમ નથી. અતીન્દ્રિય આનંદના કંદને એક વિકલ્પ ઉઠવો તે પણ તેનું કાર્ય નથી. શાસ્ત્રભણતરનો કે તપનો વિકલ્પ જો અભિમાનથી ઉઠ્યો હોય તો તો મહાદુઃખરૂપ છે પણ મંદકષાયથી ઉઠ્યો હોય તોપણ દુઃખરૂપ છે. શાસ્ત્રજ્ઞાન અને પંચમવ્રત, તપ આદિના ભાવ વ્યભિચારી ભાવ છે, ભાઈ ! તેની તને ખબર નથી. એ દુઃખરૂપભાવ છે.

તત્ત્વનું સ્વરૂપ જેમ છે તેમ નહિ માને અને મંદકષાયઆદિમાં ધર્મ મનાવશે, અને તે પણ બહારથી માન-પ્રતિષ્ઠા લેવા માટે.....તો તો એ બધાં નિગોદમાં જવાના છે. નિગોદના પેટ બહુ મોટા છે ભાઈ ! નિગોદનું એક શરીર કેટલાય સાગરોપરકાળ સુધી રહે તેમાં નિગોદના જીવ આવે અને જાય...આવે ને જાય...એવા શરીરો પણ થાય છે. ઓછી સ્થિતિવાળા પણ હોય છે. માટે બીજાં ભણતરથી તો કાંઈ પ્રયોજન નથી પણ એકલા શાસ્ત્રભણતરથી પણ જીવનું કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. તો M.A. વગેરે ભણતર અને ધંધાના વિશેષ ભણતરથી આત્માની શું સિદ્ધિ થાય ! વીતરાગને કાંઈ કોઈની શરમ નથી તેથી જેમ છે તેમ કહે છે. ભાઈ ! તારે શાંતિ જોઈતી હોય તો આ લાભ થશે ને ! દયા-દાન-વ્રત-તપથી કાંઈક તો લાભ થશે ને ! એ વાત રહેવા દેજે. તેનાથી કાંઈ લાભ નહિ થાય, દુઃખ થશે. આવી વાત તો વીતરાગ જ કહી શકે.

ભાવાર્થઃ—માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્યથી લઈને સમસ્ત વિષય-અભિલાષારૂપ મનોરથોના વિકલ્પજાળરૂપી અગ્નિની જ્વાળાઓથી રહિત જે સમ્યગ્જ્ઞાન છે તેનાથી રહિત બાહ્ય પદાર્થોનું શાસ્ત્ર દ્વારા જ્ઞાન કરે છે તેનાથી કાંઈ પ્રયોજન નથી. પ્રયોજન તો એક નિજ આત્માને જાણવાથી જ છે.

અજ્ઞાની ગમે તેટલી મોટી મોટી વાતો કરતો હોય પણ તેને અંદરમાં ઊંડે ઊંડે ત્રણ શલ્યો પડ્યાં હોય છે. અંદરમાં રાગની મીઠાશ વર્તે છે તે નિદાન જ છે. અંતરના આનંદની શાંતિનો અનુભવ નથી ત્યાં બહારથી કાંઈક ફળ મેળવવાની જ આશા પડેલી છે.

**'વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ,**
**ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'**

વીતરાગના વચનો આત્માના શાંતરસને બતાવનારા છે. વીતરાગ એમ કહે છે કે તારા સ્વભાવના જ્ઞાન વિનાના શાસ્ત્રજ્ઞાન તારી કાર્યસિદ્ધિમાં કાંઈ કારણ નથી, એ તને દુઃખરૂપ છે. આ સાંભળીને કાયરજીવોને એમ થઈ જાય કે અરરર...વ્યવહારનો

લોપ થઈ જાય છે. ભાઈ ! આ વાણી તારા નિર્વિકલ્પ શાંતરસને બતાવવા માટે છે. વ્યવહાર-વિકલ્પ હોય એ જાણવા માટે છે પણ આદરવા માટે નથી, એ તો દુઃખરૂપ છે.

જેના શાંતરસ પાસે વિકલ્પો દુઃખરૂપ લાગે છે તે વિકલ્પોની એને હોંશ કઈ રીતે હોય !

ભગવાન આત્માની અંતરદૃષ્ટિ અને જ્ઞાન થયાં નથી તેના મનના રથ તો વિકલ્પમાં જ દોડ્યાં કરે છે. આમ કરું...તેમ કરું તો આમ થશે...એમ અનેક વિકલ્પોની જ્વાળા-અગ્નિજ્વાળા તેને બાળે છે. તેનાથી રહિત જે નિજનું જ્ઞાન—જ્ઞાનનું જ્ઞાન—શાસ્ત્રજ્ઞાન નહિ પણ આત્મજ્ઞાન છે તે અંતરમાં શાંતિ આપે છે તેનાથી રહિત એવા બાહ્ય પદાર્થના જ્ઞાનથી કાંઈ સિદ્ધિ નથી. શાસ્ત્રનું જ્ઞાન પણ બાહ્યજ્ઞાનમાં આવે છે. કાર્યસિદ્ધિ તો એક આત્મજ્ઞાનથી જ છે.

લ્યો—આમાં એક જ માર્ગ કહ્યો. બે માર્ગ નથી કહ્યાં. છઢાળા આદિમાં બે માર્ગ કહ્યાં છે તે પ્રકરણ પ્રમાણે કહ્યાં છે પણ માર્ગ બે નથી. નિજ આત્માનું જ્ઞાન એ એક જ જ્ઞાન છે તેનાથી જ આત્માની સિદ્ધિ છે. વ્યવહારને નિશ્ચયનું નિમિત્ત ગણીને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આપ્યો હતો તેની અહીં ના પાડે છે. અહીં તો એકદમ નિરપેક્ષભાવ લેવો છે કે જેને બાહ્ય ભણતર, તપ આદિની પણ અપેક્ષા નથી.

વીતરાગનો માર્ગ એવો છે કે જેમાં કોઈ અપવાદ કે છૂટછાટ મૂકીને ચાલે તેવું નથી. લૌકિક વ્યવહારમાં તો એક માણસ બીજાં પાસે પાંચ હાર માંગતો હોય પણ આ કહે મારી પાસે હજારથી વધારે સગવડ જ નથી તો પેલો ચાર હજાર, ત્રણ હજાર એમ કરતો બે હજારે આવે અને આ પણ વધીને બે હજારથી ઉઘરાણી પતાવે. તેની જેમ આ વીતરાગમાર્ગમાં ઢીલું મૂકીને કામ થાય તેમ નથી.

'આત્મજ્ઞાનથી જ કાર્ય થાય, અન્યજ્ઞાનથી નહિ' એનું નામ અનેકાંત છે. બીજાંથી પણ થાય એવી વાત વાણીમાં આવે પણ વસ્તુસ્થિતિમાં ન આવે.

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત સંતોએ શાસ્ત્રમાં ઈશારારૂપે ગોઠવી છે.

કાર્ય તો એક નિજ આત્માના જ્ઞાનથી છે. આ વાતની સાથે શ્રદ્ધા અને ચારિત્ર પણ લઈ લેવા કે કાર્ય તો નિજ આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રથી જ છે. વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રથી આત્માનું કાર્ય સધાતું નથી.

શ્રોતા:—વ્યવહારશ્રદ્ધાનું કાર્ય શું છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વ્યવહારશ્રદ્ધા નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયરત્નત્રયની સાથે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું જ નિમિત્તપણું હોય, કુદેવાદિનું નિમિત્ત ન હોય એમ વ્યવહારશ્રદ્ધા બતાવે છે પણ અનુકૂળ નિમિત્ત હતુ માટે કાર્ય થયું એમ નથી. વ્યવહાર છે તે નિશ્ચયના કાર્યનો કર્તા નથી, સહચર છે. (ભાવાર્થમાં)—અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિદાનબંધ રહિત આત્મજ્ઞાન તમે બતાવ્યું તેમાં નિદાનબંધ કોને કહે છે ? તેનું સમાધાન—જે દેખેલાં, સાંભળેલાં અને ભોગવેલાં ઈન્દ્રિયોના ભોગોથી જેનું ચિત્ત રંગાયેલું છે એવા અજ્ઞાનીજીવ રૂપ-લાવણ્ય સૌભાગ્ય આદિનો અભિલાષી થઈ વાસુદેવ ચક્રવર્તીપદના ભોગોની વાંછા કરે, દાન પૂજા તપશ્ચરણ આદિ કરીને ભોગોની અભિલાષા કરે તે નિદાનબંધ છે. આ એક મોટું શલ્ય (કાંટો) છે.

જેને ચૈતન્યના રૂપ લાવણ્ય અને સૌભાગ્યની ખબર નથી તેને બહારના રૂપ આદિનો પ્રેમ પડ્યો હોય છે. નિજપદ અનાકુળ શાંતસ્વરૂપ છે તેમાં વિકલ્પમાત્ર અશાંતિરૂપ છે તેના ભાન અને ભાવના વિના અજ્ઞાની મોટા મોટા દાન કરે, મહિના મહિનાના ઉપવાસ કરે, જાત્રા કરે, મુનિવ્રત પાળે, શ્રાવક હોય તો મોટા મંદિર બંધાવે પંચકલ્યાણક મનાવે, તેમાં દસ-દસ હાથી બોલાવે પણ નિજસ્વરૂપનું જ્ઞાન નથી તો તપ કરીને સૂકાઈ ગયો હોય તોપણ અંદરમાં ભોગોની અભિલાષા પડી હોય તો આ દાન, તપ આદિના ફળમાં મને વાસુદેવ ચક્રવર્તી આદિની પદવી પ્રાપ્ત થજો એવું નિદાન બાંધે તેનું નામ નિદાનબંધ છે. નિજના ભાન વિના પરની અભિલાષા ઊંડે ઊંડે રહ્યાં કરે છે, ખસતી નથી તેથી નિદાનબંધ કરે છે.

શાસ્ત્રના જ્ઞાન અને રાગની ક્રિયા જેને અધિકપણે...વિશેષપણે ભાસે છે તેને ત્યાં રતિ પડી છે તેનો હેતુ ત્યાં જ પડ્યો છે.

હાથમાં પુસ્તક છે કે નહિ ! પુસ્તકમાંથી આ અર્થ નીકળે છે. પણ એણે કદી સત્ય વાત ગ્રહણ કરી નથી. બહારમાં ધમાધમ કરીને તેનાથી જ જાણે મારો મોક્ષ થઈ જશે એમ માનીને આત્માને ભૂલાવી દીધો છે. ભાઈ ! એવા વિકલ્પની જાળમાં તારો આત્મા અશાંતિને ભોગવે છે. ભગવાન આત્મા વિકલ્પની જાળ વિનાનો છે તેનું જ્ઞાન કર તો તને શાંતિ થાય. નિજના ભાવ વિનાના ઉદ્ધત જ્ઞાનમાં, વિકલ્પની જાળમાં એ પોતાને ભૂલી ગયો છે.

...આવા શલ્યથી રહિત જે આત્મજ્ઞાન—તેના વિના શબ્દ-શાસ્ત્રાદિનું જ્ઞાન મોક્ષનું કારણ નથી. કેમ કે એ શબ્દનું જ્ઞાન છે પણ આત્માનું જ્ઞાન નથી. બંધ

અધિકારમાં કહ્યું છે કે નવતત્ત્વની શ્રદ્ધા, શાસ્ત્રના શબ્દનું જ્ઞાન અને છ જીવનીકાયની દયારૂપ ચારિત્ર એ બધો વિકલ્પ છે– વ્યવહાર છે, તે આત્માને કાંઈ કાર્યકર નથી. નિશ્ચયમાં આગળ વધેલાંને આવો વ્યવહાર સાથે હોય છે પણ તે નિશ્ચયને મદદ કરે છે—એમ નથી.

શ્રોતા :—'વ્યવહાર' નિશ્ચયની સાથે તો રહે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાથે રહે તેથી શું થયું? રાજાની સાથે તેની છત્રી ઝાડનારો નોકર રહે તેનાથી રાજાનું કાર્ય શું થયું!

શ્રોતા :—રાજાની જાહેરાત તો તેણે કરી ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—બિલકુલ નહિ. છત્રી ન હોય તોપણ રાજા તેના કપાળના તેજથી ઓળખાઈ જાય છે. 'ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા'... જંગલમાં એકલો ચાલ્યો જતો હોય તોપણ રાજા જ લાગે. રાજાના પુણ્યની જાત જ જુદી હોય. પુણ્યશાળીની બેઠક, એની ગતિ, એની દશા... બધી જુદી તરી આવે છે.

અહાહા! આ આચાર્યની વાત પરમાત્માના પોતને પ્રકાશે છે અને વ્યવહારના પોતને ખોટાં ઠરાવે છે. શાસ્ત્રજ્ઞાન, નવતત્ત્વની શ્રદ્ધા, પંચમહાવ્રત આદિના પરિણામ આત્મા નહિ પણ અનાત્મા છે તેથી તો તેને દુઃખરૂપ કહ્યાં છે તેનાથી તને આત્માનો લાભ ક્યાંથી થશે?

ધર્માદામાં બે-પાંચ લાખ ખર્ચે ત્યાં પોતાને ધર્મમાં આગળ પડતાં માનવાં લાગે... અરે ભાઈ! પાંચ લાખ તો શું પણ કરોડ રૂપિયા દાનમાં દઈ દે તોપણ એ તો અજીવ છે, તેનાથી આત્માને લાભ ન થાય. દાન કરવામાં રાગની મંદતા થઈ હોય તો પુણ્ય બંધયા પણ તેનાથી લાભ માને છો તો સાથે મિથ્યાત્વનું પાપ બંધાય છે તે દુઃખરૂપ છે, શુભવિકલ્પ પોતે પણ દુઃખરૂપ છે. ભગવાન આત્માનો નિર્વિકલ્પ આનંદ જ એક સુખરૂપ છે તેને બદલે શુભવિકલ્પમાં કાંઈક સુખ છે એમ માનનારા આત્માના આનંદને માનતાં જ નથી.

આ તો બાપુ! પરમસ્વરૂપની વાતો છે. હિતરૂપને પરમસ્વરૂપ માનવા જઈશ તો તારી દૃષ્ટિમાં સ્વરૂપની અધિકતા નહિ રહે.

...વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ પણ દુઃખનું કારણ છે. મહિના મહિનાના ઉપવાસ કરે, જંગલમાં રહે, સૂર્યના તાપમાં બેસે, આહાર લેવા જાય તોપણ મમરા ખાઈને પાણી પી લે એવી એવી ક્રિયા કરે પણ ભગવાન આત્માના જ્ઞાનાનંદના સ્વાદ

અને તેની દૃષ્ટિ વિના ક્રિયાનો સ્વાદ પ્રતિકૂળ છે એમ એને નહિ ભાસે. તપની પ્રીતિ અને તેમાં એકાગ્રતા એ મિથ્યાત્વભાવ છે. જ્યાં નગ્ન દિગંબર સાધુનો નિશ્ચય સહિતનો વ્યવહારભાવ પણ દુઃખરૂપ છે તો નિશ્ચય વિનાનો વ્યવહાર તો સુખરૂપ કેમ હોય !

બે વાત કરી : (૧) આત્મજ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાન દુઃખરૂપ છે અને (૨) વીતરાગ-સ્વસંવેદન વિના તપ દુઃખરૂપ છે.

તો સુખરૂપ શું છે ?–કે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના નાશપૂર્વક સ્વસંવેદનજ્ઞાન સહિતની સ્થિરતા જ જીવને સુખરૂપ છે. આત્મજ્ઞાન વિના મુનિપણું તો અનંતવાર પાળ્યું પણ લેશમાત્ર સુખ કદી પામ્યો નથી. શુભભાવના ફળમાં દેવ અને રાજા થાય એ બધાં ધૂળના સ્વામી થયા. તેમાં આત્માને કાંઈ સુખ નથી. સંસારની સગવડતા મળે એ પણ ક્ષણભંગુર છે.

આચાર્યદેવે બધી ખુલ્લી વાત કરી છે. સંપ્રદાયવાળાને રુચશે કે નહિ એવો વિચાર કર્યો નથી. તમને રુચે કે ન રુચે એમાં તમારી સ્વતંત્રતા છે. વીતરાગ સર્વજ્ઞદેવનો મારગ તો આ છે. ભગવાન કહે છે એ જ આ વાત છે. આ કાંઈ સોનગઢની વાત નથી. ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગદેવે કહેલી વાત છે. વીતરાગનો પંથ જ આ છે. આ સિવાય બીજી રીતે માને છે તે વીતરાગપંથી નથી પણ અજ્ઞાનપંથી છે.

અહીં કહે છે કે જ્ઞાન રહિત તપથી જે સંસારની સંપદાઓ મળે છે તે ક્ષણભંગુર છે માટે એ નક્કી થયું કે આત્મજ્ઞાનથી રહિત જે શાસ્ત્રનું જ્ઞાન અને તપશ્ચરણ આદિ છે તેનાથી મુખ્યતાથી પુણ્યનો બંધ થાય છે. તે પુણ્યથી જગતની વિભૂતિ પામે છે તે ક્ષણભંગૂર છે.

મુખ્યતાથી પુણ્યબંધ થાય છે એમ કહ્યું એટલે ગૌણપણે પાપનો બંધ તો છે જ એમ કહેવું છે. કેમ કે મિથ્યાત્વ પડ્યું છે ત્યાં પાપબંધ તો થાય જ છે. એ મિથ્યાત્વનું દુઃખ તો ઘણું છે પણ તેની એને ખબર નથી અને પુણ્યના ફળમાં સંપદા મળે છે તે દેખાય છે. મિથ્યાત્વથી આત્માની સંપદા કેટલી લૂંટાય છે તે દેખાતી નથી. એટલે પુણ્યના ફળને વાંછે છે પણ તેના ફળ તો ક્ષણભંગૂર છે તેનાથી મારા નિત્યાનંદ ભગવાનને શું લાભ ? તેનો વિચાર નથી.

આમ, ચૈતન્યની સમ્યક્ શાંતિની પ્રાપ્તિ વિનાના અજ્ઞાનીઓના તપ અને શ્રુત જોકે પુણ્યના કારણ છે તોપણ મોક્ષના કારણ નથી. એમ તેણે સમ્યગ્જ્ઞાન સહિત બરાબર શ્રદ્ધા કરવી જોઈએ.

(ક્રમશઃ)

* * *

[તા. ૧૦-૩-૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર (૧૯મી વારના) પર પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી નિયમસાર ઉપર શાસ્ત્ર વાંચન |
| બપોરે વાંચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે વાંચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## ❊ આધ્યાત્મિક શિક્ષણશિબિર ❊

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા જુદા જુદા ગામોમાં દર મહિને એક શિબિરનું આયોજન કરવામાં આવે છે. એ અનુસાર રાજકોટમાં, જામનગરમાં તથા વાંકાનેરમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી તા. ૧૮-૧-૦૪ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત અને શ્રી દિગંબર જૈન મંદિર, સુરેન્દ્રનગર આયોજિત ચતુર્થ શિક્ષણશિબિર સાનંદ સંપન્ન થયેલ છે. આ શિબિરનું ઉદ્‌ઘાટન સોનગઢ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશી અને બ્ર. વજુભાઈ શાહના મંગલ હસ્તે થયું હતું. આ શિબિરમાં ડૉ. પ્રવિણભાઈ દોશી, ઇન્દુભાઈ સંઘવી, રાજુભાઈ કામદાર અને સુભાષભાઈ શેઠે જુદા જુદા વિષયો ઉપર શિક્ષણ આપ્યું હતું. કુલ પોણા ચારસો મુમુક્ષુઓએ આ શિબિરનો લાભ લીધેલ હતો. સુરેન્દ્રનગરના પ્રમુખશ્રી તથા સ્થાનિક કાર્યકરોએ શિબિરની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

## * અમદાવાદના આંગણે અધ્યાત્મ શિબિરનું આયોજન *

પરમતારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા પ્રરૂપિત—શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈનમંદિર-ખાડિયા, અમદાવાદમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ-સોનગઢ પ્રેરિત—સ્વાનુભવપ્રધાન તત્ત્વજ્ઞાનની એક અધ્યાત્મ શિબિરનું આયોજન તા. ૧૫-૨-૨૦૦૪ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ડૉ. પ્રવિણભાઈ દોશી, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા(સલાલ)એ જુદા જુદા વિષયો લીધા હતા. બસોથી વધુ શિબિરાર્થી મુમુક્ષુ ભાઈબહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિરની વ્યવસ્થા મંડળના મંત્રીશ્રી તથા અન્ય કાર્યકરોએ ઉત્સાહપૂર્વક કરી હતી.

માર્ચ માસમાં તા. ૭-૩-૨૦૦૪ને રવિવારના રોજ બોટાદ મુકામે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું તથા એપ્રિલમાં મોરબીમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

*** માનસ્તંભ-પ્રતિષ્ઠાદિનઃ–** તા. ૩૧-૩-૦૪, બુધવારના દિવસે, સોનગઢમાં શ્રી સીમંધર-માનસ્તંભનો ૫૨મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## * શ્રી મહાવીરજયંતી/કહાનગુરુ-પરિવર્તન દિન *

તા. ૩-૪-૨૦૦૪, શનિવારના દિવસે ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો પૂજાભક્તિના તથા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો ૭૦મો વાર્ષિક દિવસ 'પરિવર્તન' સ્થળ 'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં પ્રવચન-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## * આધ્યાત્મિક પ્રશિક્ષણશિબિર *

અધ્યાત્મવિદ્યાસ્થળી શ્રી સોનગઢમાં મુખ્યતઃ વાંચનકારો માટે એક પ્રશિક્ષણશિબિર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૨મી સમ્યક્ત્વ-જયંતીના શુભાવસર પર તા. ૧૩-૩-૨૦૦૪, શનિવારથી તા. ૧૫-૩-૨૦૦૪, સોમવાર—ત્રણ દિવસ સુધી રાખવાનું આયોજન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. નિજકલ્યાણના નિમિત્તભૂત આ પ્રશિક્ષણ શિબિરમાં પધારવા સાદર નિમંત્રણ છે.

## * સમ્યક્ત્વજયંતી *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨મી સમ્યક્ત્વજયંતી- મહોત્સવ તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવારથી તા. ૧૬-૩-૨૦૦૪, મંગળવાર (ફાગણ વદ ૧૦)—પાંચ દિવસ સુધી સોનગઢમાં, સુરેન્દ્રનગરનિવાસી શ્રી કાન્તાબેન હિમ્મતલાલ ડેલીવાળા-પરિવાર (હા. શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા) દ્વારા, અતિ આનંદોલ્લાસ સહ ઊજવાઈ રહ્યો છે.

## NEWS FROM JAIN SWADHYAY MANDIR USA

### 115th Janma Jayanti of Adhyatma Yug Shrustha Pujya Gurudev Shri Kanjiswami. Celebration & Adhyatmik Shibir in USA.

As we have been celebrating above event every year, we shall do it this year too and will celebrate 115th Janma Jaynti of Pujya Gurudev. Similarly we have organized an Adhyatmik Shibir during this year simultaneously while celebrating above event, on May 14, 15, 16 (Friday, Saturday, Sunday) 2004.

Venue : DAYS INN–Tampa North, 701 E. Fletcher Ave., Tampa, Florida 33612. Phone : 813-977-1550.

An Eminent Scholar Subhashbhai Sheth from India has kindly consented to help celebrate the above event and conduct the shibir. Besides this we have more scholars : Dr. Kiritbhai Gosalia, Nitinbhai Bhimani And Sonalben Modi who will jointly conduct the shibir along with subhashbhai.

Mailing Address : **HASMUKHBHAI M. SHAH**
304, Tall Oak Trail, Tarpon Springs,
Florida 34688 USA.
Phone : 727-934-3255/6141

---

### આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી
### ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા
તા. ૧૫-૩-૨૦૦૪
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

અધ્યાત્મ–સાધનાતીર્થ શ્રી સોનગઢ (સૌરાષ્ટ્ર) મધ્યે

જામનગરનિવાસી શ્રી છગનલાલ કાલિદાસ વાઘર–પરિવાર સાનંદ ઊજવે છે—

## અધ્યાત્મમાર્ગદિવાકર સ્વાત્માનુભૂતિવિભૂષિત પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૫મો

# મંગલ જન્મમહોત્સવ

વીતરાગ-દેવગુરુધર્મ ઉપાસક આત્માર્થી મુમુક્ષુશ્રી.........................................,

શુભ ગ્રામ........................

ઉપકૃતહૃદયભીની ગુરુભક્તિ સહ સાનંદોલ્લાસ નિવેદન કે આપણા આ અતિદુર્લભ મનુષ્યજીવનને સાર્થક કરનાર એવા આપણા પરમ–તારણહાર, વીર–કુંદ–અમૃતપ્રણીત–અધ્યાત્મમાર્ગપ્રભાવક, જિનશાસનદિવાકર એવા પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો કે, જેમનો—અલૌકિક ઉપકારમહિમા, તેમના વિષે વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનના-દિવ્યધ્વનિ દ્વારા વિશ્રુત, 'ધાતકીખંડના વિદેહક્ષેત્રના ભાવિતીર્થંકર અને ભરતક્ષેત્રમાં કુંદકુંદમાર્ગપ્રવર્તક ઈત્યાદિ' મંગલ વાણીના સાતિશય સ્પષ્ટ જાતિસ્મરણરૂપ 'જ્ઞાનવૈભવ' વડે, પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેને આપણા જીવનમાં ઉત્કીર્ણ કરેલ છે, અને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મઅમૃતભરી સમ્યક્ત્વમાર્ગ પ્રકાશનારી વજ્રોપમ સાતિશય વાણી તેમ જ લોકોત્તર પ્રભાવક પાવન પ્રતિભા વગેરે કારણે સુવર્ણપુરી અધ્યાત્મસાધનાતીર્થ બની ગયું છે, જેમના ઉપકારપ્રતાપે મોક્ષમાર્ગના બીજરૂપ જે સ્વાનુભવયુક્ત સમ્યગ્દર્શન તથા તેના આલંબનભૂત ત્રિકાળશુદ્ધ એક જ્ઞાયકભાવ આબાલવૃદ્ધ સર્વ આત્માર્થીઓના હૃદયમાં ગુંજતો થયો છે, અને જેમનો કલ્યાણવર્ષી મંગલ પ્રભાવ સુવર્ણપુરીમાં, પૂજ્ય ભગવતીમાતાની ગુરુભક્તિભીની મંગલ પ્રરેણાથી, સદૈવ વૃદ્ધિગત થઈ રહ્યો છે, તે પરમોપકારી યુગપ્રવર્તક મહાત્માનો-ભક્તજન-આનંદકારી ૧૧૫મો મંગલમય જન્મજયંતિ-મહોત્સવ (વૈશાખ સુદ ૨) અધ્યાત્મતીર્થધામ શ્રી સુવર્ણપુરીમાં—પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં—અત્યાનંદોલ્લાસ સહ ઊજવવાનું મહાન સૌભાગ્ય શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની અનુગ્રહભીની અનુમતિથી અમોને શ્રી છગનલાલ કાલિદાસ વાઘર-પરિવારને સંપ્રાપ્ત થયું છે.

એ મહાન સૌભાગ્યના હર્ષોલ્લાસપૂર્વક જણાવવાનું કે આ વાર્ષિક 'ગુરુ-જન્મજયંતિમહોત્સવ'નો મંગલ અવસર વિ. સં. ૨૦૬૦, ચૈત્ર વદ ૧૩, શનિવાર,

તા. ૧૭-૪-૨૦૦૪ થી વૈશાખ સુદ ૨, બુધવાર તા. ૨૧-૪-૨૦૦૪—પાંચ દિવસ પર્યંત 'શ્રી તીર્થમંડલવિધાનપૂજન', સ્વાનુભૂતિ-મહિમાપ્રધાન અધ્યાત્મજ્ઞાનોપાસના, દેવગુરુ-ભક્તિ અને 'ગુરુ-જન્મવધાઈ' આદિ ગુરુભક્તિભીના અન્ય વિવિધ રોચક કાર્યક્રમ સહિત વિશેષ આનંદોત્સવરૂપે અધ્યાત્મસાધનાકેન્દ્ર શ્રી સુવર્ણપુરીમાં ઊજવવામાં આવશે. ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની મંગલકારી શુભાશિષ તળે ઊજવવામાં આવનાર 'ગુરુજન્મજયંતીમહોત્સવ'નો અમૂલ્ય લાભ લેવા આપ સૌને સપરિવાર તેમ જ ગુરુભક્ત સાધર્મી મુમુક્ષુમંડળ સહિત સોનગઢ પધારવાનું અમારું—શ્રી છગનલાલ કાલિદાસ વાઘર-પરિવારનું—અતિ ધર્મવાત્સલ્યભીનું હાર્દિક આમંત્રણ છે.

'ગુરુ-જન્મજયંતીમહોત્સવ'ના આ આનંદકારી અવસરે પધારવાથી આપ સૌને અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીનાં ગગનચુંબી વિશાળ જિનાયતનોમાં—જિનમંદિર, પરમાગમ-મંદિર, પંચમેરુનંદીશ્વરજિનાલય વગેરેમાં—બિરાજમાન વીતરાગભાવવાહી વિશાલકાય શુદ્ધામ્નાયી મનોજ્ઞ જિનબિંબોનાં દર્શન-પૂજન-ભક્તિના, પૂજ્ય ભગવતી-માતાના માર્ગદર્શનતળે પ્રવચનમંડપ મધ્યે નિર્મિત ભવ્ય 'કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના તદુપરાંત સી.ડી.-વિડિયો ટેઈપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભવાબ્ધિતારિણી કલ્યાણી વાણીનો, સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'ગુરુ-ઉપકારમહિમાભરપૂર' વિડિયો ધર્મચર્ચાનો, તા. ૧૭-૧૮-૧૯ ત્રણ દિવસ ચાલનાર શિક્ષણ શિબિરનો તથા સમાગત અધ્યાત્મતત્વપ્રેમી ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો, તા. ૧૭-૪-૨૦૦૪ થી ૭-૫-૨૦૦૪—એકવીસ દિવસ (પુરુષો માટે) આયોજિત ધાર્મિક શિક્ષણવર્ગનો, આ 'ગુરુ જન્મજયંતિમહોત્સવના મંગળ અવસરે, ઘાટકોપર, વઢવાણ, મલાડની દિગંબર જૈન ભજનમંડળી તથા આત્માર્થી મુમુક્ષુઓ દ્વારા પ્રસ્તુત થનાર ગુરુભક્તિના કાર્યક્રમોનો પણ વિશેષ લાભ મળશે.

આત્મકલ્યાણના હેતુભૂત, ગુરુભક્તિના આ અનુપમ પ્રસંગે આપ સૌ અવશ્ય પધારશો એવું અમારું પુનઃ પુનઃ અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.


પ્રેષકઃ

**છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર,**

C/0 શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૩૪, ફેક્સ : ૨૪૪૬૬૨

તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવાર


**નિમંત્રણ**

**છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર**

**જયસુખલાલ, ત્રંબકલાલ, ખીમચંદભાઈ,**

**રમણીકભાઈ, ચંદ્રકાંતભાઈ,**

**શ્રીમતી ચંપાબહેન શાહ,**

**બિપિનચંદ્ર તથા**

**સમસ્ત વાઘર પરિવાર**

પધારો !　　　　　　　　　　મંગલ મહોત્સવ !　　　　　　　　　　અવશ્ય પધારો !

ક્યાં ?

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમિ વાંકાનેર (સૌરાષ્ટ્ર) શહેરમાં**

શું છે ત્યાં ?

**શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ.**

પ્રતિષ્ઠા છે કોની ?

**સમવસરણસ્થિત વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનની, મુનિસભાસ્થિત ભરતક્ષેત્રના શ્રી કુંદકુંદાચાર્યદેવની તથા વિદેહક્ષેત્રના વીસ જિનવરોની.**

પ્રતિષ્ઠા છે ક્યારે ?

## ✽ મંગલ પ્રતિષ્ઠા-મહોત્સવ ✽

વૈશાખ સુદ ૩, ગુરુવાર, તા. ૨૨-૪-૦૪ થી વૈશાખ સુદ (બીજી) ૭, મંગળવાર, તા. ૨૭-૪-૦૪

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નિજ શુદ્ધાત્મતત્વની લોકોત્તરમહિમા આપણા હૃદયમાં ઉત્કીર્ણ કરનાર પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પોતાના સમ્યક્ જાતિસ્મરણ-'જ્ઞાનવૈભવથી' સમવસરણયુક્ત વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનું આપણા ભરતક્ષેત્રમાં પદાર્પણ કરવાવાળા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકારપ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ આશિષથી સુસંપન્ન થનારા આ ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવમાં પધારવા શ્રી વાંકાનેર દિ. જૈન સંઘ તરફથી સંપૂર્ણ મુમુક્ષુસમાજને સાદર આમંત્રણ છે.

(પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્વપૂર્ણ બોલી-ઈન્દ્રો, રાજાઓ વગેરેની બોલી-સોનગઢમાં ગુરુ જન્મજયંતી મહોત્સવ દરમ્યાન બોલવામાં આવશે)

એડ્રેસ શું છે ?

પ્રતિષ્ઠામહોત્સવ-સ્થલ તથા કાર્યાલય : **શ્રી વર્ધમાનનગર (પ્રતિષ્ઠા-મંડપ)**
મહાવીર જિનીંગ ફેક્ટરી, વાંકાનેર (સૌરાષ્ટ્ર)—૩૬૩૬૨૧
ફોન : (૦૨૮૨૮) ૨૨૦૯૬૮; ૨૨૩૫૯૬; ૨૨૦૭૭૯

—તો ચાલો. જરૂર ચાલો વાંકાનેર (સૌરાષ્ટ્ર)

અહા !—　સમવસરણયુત સીમંધર, નાથ વિદેહી પધાર્યા છે,
જિનવર પ્રાણપ્રતિષ્ઠા કરવા, ભવ્ય ભક્ત ઉભરાયા છે.
મંગલમય ઉપશમરસ મુદ્રા, ભવિજન મુક્તિ દાઈ છે,
વાંકાનેરની ધન્ય ધરા પર, સ્વર્ણિમ અવસર આવ્યો છે.

નોંધ :—પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ-પત્રિકા લેખનની મંગલ વિધિ વાંકાનેરમાં તા. ૨૧-૩-૦૪, રવિવારના દિવસે રાખવામાં આવી છે.

# ✽ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ✽

✽ અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ તે જ સત્યાર્થ છે ત્યાં પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહી. ત્યારે હવે એ પર્યાય છે કે નહિ ?—તેની વાત બારમી ગાથામાં કહી છે કે સાધક જીવને આત્માનો અનુભવ થઈ ગયો છે પણ પૂર્ણતાને પ્રાપ્ત થયો નથી એટલે કે અનુભવનો પહેલો સમય એવો જે જઘન્યભાવ તેને વટાવી ગયો છે અને ઉત્કૃષ્ટભાવને પ્રાપ્ત થયો નથી તેથી મધ્યમભાવને અનુભવે છે તેવા સાધક જીવને પર્યાયમાં શુદ્ધતા–અશુદ્ધતાના અંશો છે તે વ્યવહાર છે તેથી તે જાણેલો પ્રયોજનવાન છે; પ્રયોજનવાન છે ખરો, પણ હેયરૂપ–છોડવા લાયક જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય તરીકે જાણેલો પ્રયોજનવાન નથી. સાધકને પર્યાયમાં અશુદ્ધતા વર્તે છે તે વ્યવહારનયનો વિષય છે તેથી તે-તે સમયે વ્યવહારને હેયરૂપે જાણેલો તે કાળે પ્રયોજનવાન હોવાથી તેઓને વ્યવહારનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ૩૦૨.

✽ બાહ્યવસ્તુ બંધનું કારણ નથી કેમ કે બાહ્યવસ્તુ પોતાની પર્યાયમાં અતદ્‌ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ થતું નથી. કર્મ શરીરાદિ બાહ્યવસ્તુ પરદ્રવ્યો હોવાથી બંધનું કારણ નથી તેમ કહ્યું અને પહેલી ગાથામાં કહ્યું કે અનંત સિદ્ધોની તારી પર્યાયમાં સ્થાપના કરુ છું. પણ અનંતા સિદ્ધો તો પરદ્રવ્ય છે ને ? તારી પર્યાયમાં અતદ્‌ભાવરૂપ છે ને ? તેનું સ્થાપન શી રીતે થશે ? તો કહે છે કે તે અનંતા સિદ્ધો પર્યાયમાં ભલે અતદ્‌ભાવરૂપ હો પણ તે અનંતા સિદ્ધોની પ્રતીત પર્યાયમાં આવી જાય છે, તેથી અનંતા સિદ્ધોનું સ્થાપન કરવાનું કહ્યું છે. જેમ અધ્યવસાનનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે તેમ પોતાના સિદ્ધસ્વભાવનું પર્યાયમાં સ્થાપન કરાવવા માટે અનંતા સિદ્ધોનું સ્થાપન કરાવવામાં આવ્યું છે. જેમ બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત છે તેમ પોતાના સિદ્ધસ્વરૂપનું લક્ષ કરવામાં અનંતા સિદ્ધો નિમિત્ત છે. ૩૦૩.

✽ અંદરમાં ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઊઠે ઈ પણ કોલાહલ અને કકળાટ છે. બીજાને સમજાવી દઉં એ કકળાટ છે. પ્રભાવનાનો વિકલ્પ ઊઠ્યો ઈ પણ કોલાહલ છે. આવો વિકલ્પ હોય તો ઠીક ઈ રહેવા દે ! હઠ ન કર ! ધીરો થઈને ચૈતન્ય જ્ઞાયક છે એને જો. જેટલા વિકલ્પો ઊઠે છે—શુભ-અશુભ તે મને લાભદાયક છે તે મિથ્યાત્વભાવ છે. ૩૧૧.

હે ભવ્ય જીવ ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો, આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે. મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે. કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે. મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે. આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે. સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા પાંચ ઈન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા જાળ સમાન છે.

—શ્રી શુભચંદ્રઆચાર્ય, જ્ઞાનાર્ણવ

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૫] * **આત્મધર્મ** * [અંક-૯ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ માર્ચ-૨૦૦૪

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334